# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૫/ક્વા-૦૧/૨૦૨૨-૨૩/ ૫૪૧૩-૩ તારીખ : ૦૩ - ૦૮ - ૨૦૨૨

**<u>રજી. એડી. પત્ર</u>**

પ્રતિ,
**જૈન એક્ઝીમ**
**ઓફીસ નં. ૯૦૫-૯૦૬, આલાપ-એ, ૯મો માળ, લીંબડા ચોક,**
**મું. પો. : રાજકોટ , તા. : રાજકોટ, જી. : રાજકોટ,**
**પીન કોડ. : ૩૬૦૦૦૧**
**મોબાઈલ : ૦૨૮૧-૨૪૮૨૮૯૮ ૨૪૮૧૩૭૪ ૫૫૨૨૨૩૩**

વિષય : કાયમી વિજ જોડાણ નં.૩૫૦૧૮/૦૦૫૭૬/૯ બંધ કરી ડીપોઝીટની રકમ પરત ન મળવા બાબત.

**સંદર્ભ:** આપશ્રીની રજુઆત પત્ર નંબર : Nil, તા. નીલ.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૨૫/ક્વા-૦૧/૨૦૨૨-૨૩ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,
( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

**(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ ગ્રામ્ય.**

**(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ ગ્રામ્ય.**

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, પડધરી.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**E-Mail- forum.pgvcl@gebmail.com**


**પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૨૫/ક્વા-૧/૨૨-૨૩/૫૪૧૩-૩** તા.૦૩-૦૮-'૨૨

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**Case No.PG-૨૫/ક્વા-૧/૨૨-૨૩**

| | |
|---|---|
| અરજદાર | : જૈન એક્ઝીમ ગામ : રાજકોટ |
| પેટાવિભાગીય કચેરી | : પડધરી |
| રજૂઆત કરનાર | : અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે હેમંત પી. ઘેલાણી હાજર રહેલ છે. |

## :: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા | : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – રાજકોટ ગ્રામ્ય |
| રજૂઆત કરનાર | : શ્રી જી. એચ. પટેલ, કાર્યપાલક ઈજનેર,પી.જી.વી.સી.એલ.,વિભાગીય કચેરી – રાજકોટ ગ્રામ્ય હાજર રહેલ છે. |

## :: કોરમ ::

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

| | |
|---|---|
| ૧) ચેરપર્સન | - શ્રી એન.સી.મકવાણા |
| ૨) સભ્ય(ટેકનીકલ) | - શ્રી એન.જી.કારીયા |
| ૩) સભ્ય (સ્વતંત્ર) | - શ્રીમતી નિતીનાબેન એચ. જોષી |

| | |
|---|---|
| સુનાવણી સ્થળ | : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ |
| તારીખ | : ૨૦-૦૭-૨૦૨૨ (મંગળવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા.૨૮.૦૬.૨૦૨૨ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે હેમંત પી. ઘેલાણી હાજર રહેલ હતા, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી શ્રી જી.એચ.પટેલ, કાર્યપાલક ઈજનેર, પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી - રાજકોટ ગ્રામ્ય હાજર રહેલ હતા. સદર કેસની સુનાવણી દરમ્યાન સદર કેસને સંલગ્ન કેસ ફાઈલ, તેમજ જે તે વખતે ગ્રાહકને મર્જીંગ અન્વયે નોટીસ પાઠવેલ હોય તેના આધાર-પુરાવા રજુ કરવા પીજીવીસીએલને સુચના આપેલ હતી. ત્યારબાદ ફરીથી સદર કેસની સુનાવણી તા.૨૦.૦૭.૨૦૨૨ ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબ પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર રજુઆતમાં જણાવેછે કે તેઓ પડધરી પેટાવિભાગીય કચેરી હેઠળ ગ્રાહક નં.૩૫૦૧૮/૦૦૫૭૬/૯ થી ૨૦ KW નું ઇન્ડસ્ટ્રીયલ વીજજોડાણ અને ગ્રાહક નં.૩૫૦૧૮/૦૦૫૭૭/૭ થી ૦૬ KW નું અન્ય એક વીજજોડાણ એમ કુલ ૦૨ (બે) વીજજોડાણ ધરાવતા હતા. સદર બંને વીજજોડાણ અન્વયે અરજદાર નિયમિત

રીતે બીલ ભરપાઈ કરી આપતા. સદર બન્ને વિજજોડાણો એકજ પ્રીમાઈસીસમાં હોવાથી પીજીવીસીએલ દ્વારા ઓકટોબર-૨૦૧૨ માં બન્ને વીજજોડાણ મર્જ કરેલ અને બન્નેની ડીપોઝીટ એકત્રિત કરેલ. ત્યારબાદ અરજદારને ગ્રાહક નં.૩૫૦૧૮/૦૦૫૭૬/૯નું બીલ મર્જ કરી આપવામાં આવતું.

૨.૧ સદર વિજજોડાણો મર્જ કરવા બાબતે પીજીવીસીએલ દ્વારા કોઈપણ પ્રકારની જાણ કરેલ ન હતી. અરજદાર વધુમાં જણાવેછે કે બંને વીજજોડાણ મર્જ થયા બાદ અરજદારને ગ્રાહક નં.૩૫૦૧૮/૦૦૫૭૬/૯ માટે વીજબીલ આપવામાં આવતું જે અરજદાર નિયમિત પણે ભરતા હતા.

૨.૨ માહે નવેમ્બર-૨૦૧૨ થી બીલમાં કોન્ટ્રાક્ટ લોડ ૨૦ KW દર્શાવવામાં આવતો તેમજ અરજદારનો લોડ પણ ૨૦ KW હતો. અરજદાર જણાવેછે કે સદર જગ્યા પર પાછલા ઘણા વર્ષોથી તેઓનો કોઈ વપરાશ પણ નહોતો તેમજ કોઈ ઉત્પાદકીય પ્રવૃત્તિ ન હોતી થતી તેમજ તે મુજબ જ તેઓને તા.૨૬.૦૫.૨૦૧૮ના રોજ વીજજોડાણ પરત આપેલ ત્યાં સુધીના મીનીમમ ચાર્જનું બીલ સમયસર ભરપાઈ કરેલ છે.

૨.૩ અરજદાર વધુમાં જણાવેછે કે માહે જુન-૨૦૧૪ સુધીના દરેક બીલમાં કોન્ટ્રાક્ટ લોડ ૨૦ KW હતો જે યોગ્ય હતો, પરંતુ અચાનકજ માહે ઓગસ્ટ-૨૦૧૪ થી બીલમાં કોન્ટ્રાક્ટ લોડ ૪૬ KW દર્શાવીને મીનીમમ બીલની રકમમાં બમણો વધારો થવાથી અરજદાર દ્વારા સદર બાબતે ધ્યાન દોરેલ કે તેઓનું યુનિટ વર્ષોથી બંધ હોય લોડની જરૂરિયાત ન હોય તેમજ તેઓ દ્વારા કોઈ લોડવધારો માંગેલ ન હોય સદર લોડ વધારો ખોટી રીતે કરેલ ગેરવ્યાજબી તેમજ અન્યાયી છે, જેના આધારે પડધરી કચેરી તરફથી મૌખીક રીતે એવું જણાવેલ કે "કમ્પ્યુટરમાં ડેટા એન્ટ્રીની ભૂલના લીધે આમ બન્યું હશે. બિલીંગ અમારા રાજકોટના કમ્પ્યુટર વિભાગમાંથી થતું હોઈ તમો ત્યાં તપાસ કરો અને અમો પણ તપાસ કરીશું અને વધારાની રકમ બીજા બિલમાંથી બાદ કરી મજરે આપીશું."

૨.૪ અરજદાર દ્વારા રાજકોટ ગ્રામ્ય વર્તુળ કચેરી ખાતે તપાસ કરતા તેઓ દ્વારા પડધરી કચેરી ખાતે તપાસ કરવાનું તેમજ રજૂઆત કરવાનું કહેવામાં આવેલ. આમ, અરજદારે બંને કચેરી વચ્ચે ખુબજ ધક્કા ખાધા છેવટે કંટાળીને અરજદાર દ્વારા રજી. એડી. થી લેખિતપત્ર તા.૦૧.૦૭.૨૦૧૫ના રોજ લખેલ અને રજૂઆત કરેલ અને નકલ કાર્યપાલક ઈજનેર ગ્રામ્ય રાજકોટને આપેલ પરંતુ કોઈ પ્રત્યુત્તર ન મળતા ફરી વખત તા.૦૧.૦૮.૨૦૧૫ના રોજ રજી. એડી. થી સ્મૃતિપત્ર આપેલ પરંતુ કોઈ પ્રત્યુત્તર મળેલ નથી.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

ત્યારબાદ અચાનકજ પત્ર નં. ૯૩૪૬ તા.૦૭.૧૨.૨૦૧૯ (અરજદારને તા.૧૦.૧૨.૨૦૧૯ના રોજ મળેલ) ના પત્રથી અરજદારને જાણ કરાયેલ કે તાલુકા કાનૂની સેવા સમિતિ સિવિલ કોર્ટ દ્વારા તા.૧૪.૧૨.૨૦૧૯ ના રોજ યોજાનાર લોક અદાલતમાં સમાધાન માટે હાજર રહેવું. પરંતુ અરજદાર સદર લોક અદાલતમાં હાજર રહી શકેલ ન હતા.

૨.૫ અરજદાર દ્વારા તા.૧૦.૧૨.૨૦૧૯ના રજી. એડી. પત્ર દ્વારા જણાવેલ કે ફક્ત ઓડીટ પારાને સંતોષવા ખાતર સદર ખોટી રીતે ઉભી કરાયેલ તફાવતની લેણી રકમ ભરવાપાત્ર નથી જેથી સદર રકમની રીકવરી રદ કરવા જણાવેલ પરંતુ સંલગ્ન કચેરી ખાતેથી કોઈ યોગ્ય પ્રત્યુત્તર મળેલ નહિ.

૨.૬ અરજદાર વધુમાં જણાવેછે કે તેઓ દ્વારા તા.૨૬.૦૫.૨૦૧૮ ના રોજ બંધ કરાવેલ વીજજોડાણની ડીપોઝીટની રકમ પરત આપવા માટે સંલગ્ન કચેરી ખાતે ૦૪ (ચાર) / ૦૫ (પાંચ) વાર અરજી કરેલ. પરંતુ સંલગ્ન કચેરી ખાતેથી કોઈ યોગ્ય પ્રત્યુત્તર મળેલ નહિ. પરંતુ ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટના તા.૨૭.૦૨.૨૦૨૦ ના રોજ પત્ર નં. ૨૯૭૮ થી આશ્ચર્યજનક રીતે આઠ વર્ષના લાંબા સમયગાળા બાદ પ્રથમ વખત જણાવેલ કે "અમારા દ્વારા ૪૬ KW ને બદલે ભૂલથી ૨૦ KW કરારિત લોડ ગણી મીનીમમ રકમનું બીલ આપેલ તેના તફાવત પેટે ઓડીટ પારામાં રીમાર્ક હોવાથી સદર રકમ ભરવાની થાય છે." સદર પત્ર અરજદારને અસલમાં મળેલ નથી. પરંતુ તેઓને અધિકૃત મોબાઈલ નંબર પર તા.૨૦.૦૭.૨૦૨૧ ના રોજ સંલગ્ન કચેરીમાંથી

whatsapp દ્વારા પ્રાપ્ત થયેલ છે આ અંગે સંલગ્ન કચેરી દ્વારા તા.૧૩.૦૪.૨૦૨૨ના પત્રમાં જણાવ્યા મુજબ સદર રૂ.૫૧૩૦૪.૦૦ ની રકમ ભરવાની થતી હોય, તેની સામે ડીપોઝીટની રકમ માંડવાળ કરીને ડીપોઝીટની રકમ પરત આપવા સ્પષ્ટ ઇનકાર કરી દીધેલ.

૨.૭ પીજીવીસીએલની આવી અન્યાયી પ્રક્રિયા સામે અરજદાર દ્વારા તા.૦૭.૦૫.૨૦૨૨ ના રજી. એડી. પત્રથી ફરીવાર ડીપોઝીટની રકમ પરત કરવા અંગે વિનંતી કરેલ, પરંતુ સંલગ્ન કચેરી દ્વારા કોઈ પ્રત્યુત્તર ન મળતા અરજદાર દ્વારા સદર જૂની લોડ તફાવતની રકમ રદ કરવા તેમજ ડીપોઝીટની રકમ પરત કરવા નીચે મુજબના મુદ્દાઓ રજુ કરેલ છે.

(૧) અરજદારે ૨૦ KW માંથી ૪૦ KW લોડની માંગણી કરેલ નથી.

(૨) અરજદારનું યુનીટ ૨૦૧૧ થી લગભગ બંધ અવસ્થામાં છે માટે વધારે વપરાશ કે વધારે લોડ માંગણીનો પ્રશ્ન રહેતો નથી.

(૩) અરજદારને પહેલેથી જ ૨૦ KW મુજબ બીલ અપાતું હતું અને તેઓ નિયમત ભરપાઈ કરતા હતા.

(૪) સંલગ્ન કચેરીએ તેઓની અવારનવાર કરેલ રજૂઆત ધ્યાન પર લીધેલ નથી.

(૫) વારંવાર રજૂઆત કરવા છતાં લોડ ઘટાડા મુજબ બીલ સુધારી ન આપેલ તેમજ કચેરી દ્વારા દબાણપૂર્વક ૨૦૧૫ માં વીજભાર ઘટાડાની અરજી કરાવેલ, ત્યારબાદ ૨૦ KW મુજબનું બીલ આપવાનું શરૂ કરેલ.

(૬) આશરે ૦૮ વર્ષ બાદ જૂની રીકવરી કાઢવામાં આવેલ છે જે અયોગ્ય છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદારની રજૂઆત અન્વયે પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલ કે જૈન એક્ઝીમ ગ્રાહક નં.૩૫૦૧૮/૦૦૫૭૬/૯ (૩-ફેઝ) અને ગ્રાહક નં. ૩૫૦૧૮/૦૦૫૭૭/૭ (૧-ફેઝ), બન્ને વીજજોડાણોની રીલીઝ તા.૧૬.૧૧.૨૦૦૪ હતી અને ગ્રાહક નં.૩૫૦૧૮/૦૦૫૭૬/૯ (૩-ફેઝ) નું વીજજોડાણ તા.૧૧.૦૬.૨૦૧૮ ના રોજ પીડીસી થયેલ છે.

1. સદર ઇન્ડસ્ટ્રીયલ કનેક્શન, ES-7 તથા લેજર રેકર્ડના આધારે તારીખ:૦૬.૧૧.૨૦૦૪ થી રીલીઝ થયેલ ત્યારે ગ્રાહકની માંગણી મુજબ ૫૪ HP એટલે કે ૪૦ KW વીજભારથી ચાલુ કરેલ.
2. લેજર મુજબ નવે.-૨૦૦૪ થી ડીસે.-૨૦૦૯ સુધી ૫૪ HP (40 KW) ફિક્ષચાર્જનો હિસાબ થયેલ છે. જે ગ્રાહક દ્વારા નિયમિત ભરપાઈ થયેલ છે. જયારે જાન્યુ-૨૦૧૦ થી સપ્ટે-૨૦૧૧ સુધી લેજર મુજબ ૨૭ HP મુજબ બિલિંગ થયેલ છે.
3. ત્યારબાદ ઓક્ટો-૨૦૧૧ માં ૨૧ KW કોન્ટ્રાક્ટ ડિમાન્ડ અને ૨૦ KW બિલિંગ ડિમાન્ડ મુજબ બિલિંગ થયેલ. અને નવે-૨૦૧૧ થી સપ્ટે-૨૦૧૨ સુધી ૪૦ KW કોન્ટ્રાક્ટ ડિમાન્ડ અને ૨૦ KW બિલિંગ ડિમાન્ડ મુજબ બિલિંગ થયેલ.
4. હયાત લોડ ૪૦ KW માંથી ૨૦ KW નો લોડ ઘટાડો માહે જાન્યુ-૨૦૧૦ માં થયેલ હતો જેની વિગત પીજીવીસીએલની સંલગ્ન કચેરીના લોડ ઘટાડાના રજીસ્ટરમાં નોંધાયેલ છે, બીજા કોઈ આધાર મળેલ નથી.
5. ત્યારબાદ ઓક્ટો-૨૦૧૧ માં ૨૧ KW કોન્ટ્રાક્ટ ડિમાન્ડ અને ૨૦ KW બિલિંગ ડિમાન્ડ મુજબ બિલિંગ થયેલ. અને નવે-૨૦૧૧ થી સપ્ટે-૨૦૧૨ સુધી ૪૦ KW કોન્ટ્રાક્ટ ડિમાન્ડ અને ૨૦ KW બિલિંગ ડિમાન્ડ મુજબ બિલિંગ થયેલ.
6. ત્યારબાદ ઓક્ટો-૨૦૧૨ માં ૦૧ ફેઝ કનેક્શન મર્જ થતા જુન-૨૦૧૪ સુધી ૪૬ KW કોન્ટ્રાક્ટ ડિમાન્ડ અને ૨૦ KW બિલિંગ ડિમાન્ડ મુજબ બિલિંગ થયેલ માહે-જુલાઈ-૨૦૧૪ થી રેગ્યુલર ૪૬ KW કોન્ટ્રાક્ટ ડિમાન્ડ અને ૪૬ KW બિલિંગ ડિમાન્ડ મુજબ બિલિંગ થયેલ જે ગ્રાહક દ્વારા મે-૨૦૧૫ થી ઓપ્શન ફોર્મ ભરતા ૪૬ KW કોન્ટ્રાક્ટ ડિમાન્ડ અને ૨૦ KW બિલિંગ ડિમાન્ડ મુજબ બિલિંગ થયેલ હતું.

7. પડધરી કાર્યાલયના માહે જાન્યુ-૨૦૧૯ માં વર્ષ-૨૦૧૭ થી વર્ષ-૨૦૧૮ ના ઓડીટ દરમ્યાન સદર કનેક્શનમાં સપ્ટે-૨૦૧૧ થી જુન-૨૦૧૪ દરમ્યાન ૪૬ KW કોન્ટ્રાકટ ડિમાન્ડ હોવા છતાં ૨૦ KW મુજબ ફિક્ષચાર્જની ગણતરી થયેલ ધ્યાને આવતા કંપનીના નિયમ મુજબ કોન્ટ્રાક્ટ ડિમાન્ડના ૮૫% ટકા લેખે ફિક્ષચાર્જ અને તેના ઉપર વિદ્યુતશુલ્કની ગણતરી કરી તફાવતની રકમ રૂ.૫૧૩૦૪.૦૦ ની રીકવરી પ્રપોઝ કરેલ. જે ગ્રાહકના ખાતે તા.૨૧.૧૦.૨૦૧૯ માં ઉધારેલ હતી.

8. ઉપરોક્ત તમામ વિગતો મુજબ અરજદારના વીજજોડાણ ગ્રાહક નં. ૩૫૦૧૮/૦૦૫૭૬/૯ માં હયાત લોડ ૪૦ KW માંથી ૨૦ KW નો લોડ ઘટાડો માહે જાન્યુ-૨૦૧૦ માં થયેલ હતો એ વિગત લોડ ઘટાડાના રજીસ્ટરમાં નોંધાયેલ છે પરંતુ માહે નવે-૨૦૧૧ માં થયેલ લોડ વધારાની વિગતની નોંધ લોડ વધારાના રજીસ્ટરમાં જોવા મળતી નથી. સદર સમયગાળા દરમ્યાન ટેરીફ LTP-III માંથી LTMD બદલાયેલ હોય સીસ્ટમ એરરના કારણે લોડ વધારો થયેલ હોય તેવું માલુમ પડે છે જેથી વર્ષ-૨૦૧૭-૧૮ ના ઓડીટ પારા મુજબ આ વીજજોડાણમાં થયેલ ડેબીટ રકમ જમા આપવા પાત્ર થાય છે.

9. સદર કનેક્શન તા.૧૧.૦૬.૨૦૧૮ ના રોજ કાયમી ધોરણે રદ થયેલ છે. જે હાલ PDC - "X" સ્ટેટસ ધરાવે છે.

10. ગ્રાહક ખાતે ઓડીટની ઉધારેલ રકમ રૂ.૫૧૩૦૪.૦૦ જે જમા આપવા પાત્ર છે. તદુપરાંત જુલાઈ-૨૦૧૪ થી જુન-૨૦૧૫ દરમ્યાન ગ્રાહકનું બિલ ૪૬ KW લોડ થી ગણતરી થયેલ હોય તફાવતના ૨૦ KW ની રકમ ગ્રાહક ખાતે જમા આપવા પાત્ર થાય છે. ૪૬ KW લેખે ભરપાઈ કરેલ ૧૨ (બાર) મહિનાની કુલ રકમ રૂ.૪૦૮૮૨.૫૦ જયારે ૨૬ KW લેખે લેવા પાત્ર રકમ રૂ.૨૩૨૮૮.૦૦ થશે, આમ તફાવતની પરત કરવા પાત્ર રકમ રૂ.૧૭૫૯૫.૦૦ ગ્રાહકને ડીપોઝીટ તથા તફાવતની પરત કરવા પાત્ર રકમનો હિસાબ નીચે મુજબ છે.

| | |
|---|---|
| ગ્રાહકની બંને કનેક્શનની કુલ ડીપોઝીટ:<br>(આધાર રજુ કર્યે જમા આપવા પાત્ર) | રૂ. ૫૩૬૮૫.૦૦ |
| જુલાઈ-૧૪ થી જુન-૧૫ ફિક્ષચાર્જ તફાવત | રૂ. ૧૭૫૯૫.૦૦ |
| જુલાઈ-૧૮ લેજર મુજબ જમા આપવા પાત્ર રકમ | રૂ. ૦૧૦૧૯.૯૭ |
| જુન-૧૮ ના બિલમાં લેવાયેલ રીએક્ટીવ ચાર્જ જમા | રૂ. ૦૦૯૧૪.૫૦ |
| ગ્રાહકને કુલ પરત આપવા પાત્ર રકમ | રૂ. ૭૩૨૧૪.૪૭ |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

વધુમાં અરજદારને પત્ર તા.૧૯.૦૭.૨૦૨૨ થી જણાવેલ કે જમા ડીપોઝીટની રકમ રૂ.૫૩૬૮૫.૦૦ પરત મેળવવા માટે કંપનીના નિયમ મુજબ ડીપોઝીટની મૂળ રસીદ અથવા ઇન્ડેમનીટી બોન્ડ રજુ કર્યે આગળની કાર્યવાહી કરવામાં આવશે.

૩.૧ ઉપરોક્ત બાબતેની જાણકારી અરજદારને વિગતવાર સ્પષ્ટતા કરતા તા.૧૯.૦૭.૨૦૨૨ ના રોજ અરજદારની ફરિયાદનું નિરાકરણ થયેલ હોવા અંગેની લેખિત સમંતિ હેઠળ સમાધાન પત્રમાં સહી કરી આપેલ છે, જેની નકલ ફોરમ સમક્ષ રજુ કરેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારની ફરિયાદ મુજબ તેઓ ગ્રાહક નં.૩૫૦૧૮/૦૦૫૭૬/૯ (૩-ફેઝ) અને ગ્રાહક નં. ૩૫૦૧૮/૦૦૫૭૭/૭ (૧-ફેઝ), બન્ને વીજજોડાણોની રીલીઝ તા.૧૬.૧૧.૨૦૦૪ હતી અને ગ્રાહક નં.૩૫૦૧૮/૦૦૫૭૬/૯ (૩-ફેઝ) નું વીજજોડાણ તા.૧૧.૦૬.૨૦૧૮ ના રોજ પીડીસી થયેલ છે. પીજીવીસીએલ પક્ષકાર દ્વારા ઓડિટ વર્ષ-૨૦૧૭ના પારા નં ૧.૬(૨) મુજબ વીજભાર તફાવત માહે સપ્ટેમ્બર-૧૧ થી માહે જુન-૧૪ સુધી અરજદારની કોન્ટ્રાક્ટ

ડિમાન્ડ ૪૬ KW ને બદલે ૨૦ KW ડિમાન્ડ મુજબ વસુલેલ છે જે ઓડિટ દરમ્યાન ધ્યાને આવતા સદર સમયગાળાના ફીક્ષ ચાર્જ અને તેને સંલગ્ન ચાર્જની ગણતરી કરતા તફાવતની રકમ રૂ.૫૧૩૦૪/- ની રીકવરી પ્રપોઝ કરેલ જે ગ્રાહકના બિલીંગ ખાતામાં તા.૨૧.૧૦.૨૦૧૯ ઉધારેલ જે અરજદારની રજૂઆત મુજબ જે અયોગ્ય હોય અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

૪.૨ ઉપરોક્ત બાબતે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા રજુ કરાયેલ બિલીંગ પી.આર.ટી. અને લેખિત રજૂઆત મુજબ સદર અરજદારના વીજજોડાણની કોન્ટ્રાક્ટ ડિમાન્ડ નીચે મુજબ છે.

| Consumer No. 35018/00576/9 | | | Consumer No. 35018/00577/7 | | |
|---|---|---|---|---|---|
| Category Ind., Relase Dt:16.11.2004 | | | Category Ltg., Relase Dt:16.11.2004 | | |
| Billing Period | | Contranct Demand | Billing Period | | Contranct Demand |
| From | To | | From | To | |
| Dec-04 | Nov-07 | 54 HP (Release Contract demand) | Dec-04 | Aug-12 | 6 KW |
| Jan-10 | Aug-11 | 27 HP (Load Reduction by Consumer) | Sep-12 | Apr-22 | PDC due to merger with LTMD |
| Sep-11 | Oct-11 | 21 KW (LTP TO LTMD) | | | |
| Dec-11 | Sep-12 | 40 KW ( Likely System error) | | | |
| Oct-12 | Jun-15 | 46 KW (LTMD + NRGP Merger by Company) | | | |
| Jul-15 | Apr-22 | 20 KW (Load reduction as per consumer demand) | | | |

ઉપરોક્ત બાબતે પીજીવીસીએલ દ્વારા રજુ કરાયેલ A-1 ફોર્મ મુજબ વીજભાર ઘટાડો ૪૬ KW માંથી ૨૦ KW કરવા માટે તા.૦૧.૦૪.૨૦૧૫ ના રોજ અરજી આપેલ છે. જેની મંજૂરી સંલગ્ન વિભાગીય કચેરી દ્વારા તા.૧૮.૦૬.૨૦૧૫ ના પત્રથી પીજીવીસીએલની પડધરી પેટાવિભાગીય કચેરીમાં આપેલ છે તેની નકલ ફોરમ સમક્ષ રજુ કરેલ છે, તેમજ સદર કેસ સાથે રજુ કરેલ ટેસ્ટ રીપોર્ટમાં તા.૧૪.૦૫.૨૦૧૫ નોંધાયેલ છે.

૪.૩ સદર કેસની વધુ સુનાવણી તા.૨૦.૦૭.૨૦૨૨ ના રોજ કરાયેલ, પીજીવીસીએલ પક્ષકારની લેખિત રજૂઆત મુજબ, સદર વીજજોડાણમાં પડધરી પેટાવિભાગીય કચેરી ખાતે વીજભાર ઘટાડાના રજીસ્ટર મુજબ ગ્રાહકે ૪૦ KW માંથી ૨૦ KW વીજભાર કરવા માટે ૨૦૦૯ માં અરજી કરેલ અને ટેસ્ટરીપોર્ટ રજુ કરેલ છે તેની નોંધ મળેલ છે જે ધ્યાને લેતા માહે જાન્યુઆરી-૨૦૧૦ થી વીજભાર કાયદેસર લાગુ કરેલ હતો. આ બાબતોને ધ્યાને રાખતા ઓડિટ ટીમ દ્વારા જાન્યુઆરી-૨૦૧૯ માં પ્રપોઝ કરેલ કરારીત વીજભારના તફાવતનું બીલ લેવા પાત્ર થતું નથી. તદઉપરાંત માહે જુલાઈ-૨૦૧૪ થી માહે જુન-૨૦૧૫ દરમ્યાન ૪૬ KW લેખે બિલીંગ કરાયેલ છે તે ધ્યાને રાખતા તફાવતની રકમ જમા આપવાની થાય છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

આમ, ઉપરોક્ત મુદ્દા નં ૩.૧ મુજબની વિગતે રૂબરૂ સ્પષ્ટતા થતા અરજદારે તા.૧૯.૦૭.૨૦૨૨ ના રોજ લેખિત સંમતિ આપીને સમાધાન પત્રમાં સહી કરી આપેલ છે. આમ, અરજદારની ફરિયાદનું પી.જી.વી.સી.એલ. કક્ષાએથી નિરાકરણ થયેલ હોવાથી આ કેસમાં ફોરમ કક્ષાએથી હવે કંઈ કરવાનું રહેતું નથી.

૪.૪ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| (એન.એચ.જોષી) | (એન.જી.કારીયા) | (એન.સી.મકવાણા) |
|---|---|---|
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેક) | ચેરપર્સન |

25-Q1-22-23.doc